## ઈન્ડસ્ટ્રીયલ ઈમરજન્સી વર્કશોપ યોજાયો

# સેમિનારમાં 60થી વધુ ઉદ્યોગોમાંથી 180 જોડાયા

### ગાંધીધામમાં DISH, ફોકીયા વગેરેનું આયોજન

કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓ



ભાસ્કર ન્યૂઝ. ગાંધીધામ

ગાંધીધામ ખાતે ડીરેક્ટર ઈન્ડસ્ટ્રીય સેફ્ટી એન્ડ હેલ્થ, ડિવાઈન લાઈફ હોસ્પિટલ, ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન (ફોકીયા), વાગડ વેલ્ફેર હોસ્પિટલ અને નોલેજ પાર્ટનલ લાઈફલાઈન ફાઉન્ડેશન દ્વારા ઈન્ડસ્ટ્રીયલ ઈમરજન્સી વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં 60થી વધુ ઉદ્યોગોમાંથી 180થી વધુ ઉદ્યોગજગતના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

વ્યવસાયિક સ્વાસ્થ્ય અને સલામતીના બેઝીક પર કામદારોને શિક્ષણ આપવું તથા કાર્ય સ્થળે અકસ્માત અને ઈજા ઘટાડવા કંપનીઓને કર્મચારીઓ સાથે ખર્ચા, કાનૂની લડતમાંથી બચાવવા સહિતની બાબતે માર્ગદર્શન પુરૂં પાડવાથી યોજાયેલી વર્કશોપમાં ઔદ્યોગિક ઈએમએસ, એમ્બ્યુલન્સીસ, ઓએસસી, મેનેજમેન્ટ વગેરે પ્રથમ પ્રતિભાના મુદ્દા આવરી લેવાયા હતા. મુખ્ય મહેમાન તરીકે ઈન્ડસ્ટ્રીય એન્ડ સેફ્ટી હેલ્થ રાજ્ય સરકારના ડિરેક્ટર પી.એમ. શાહ, અતિશિ વિશેષ ફોકીયાના એમ.ડી. નિમેષ ફડકે, તલક્ષિ નંદુ વગેરે હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન શીતલ ખોટે અને આભારવિધિ પ્રમોદસિંહે કરી હતી. સંચાલન રાધીકા ઠક્કરએ કર્યું હતું. સંકલન જીગર મકવાણા અને જીગ્નેશ નાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

Scanned by CamScanner